**નવી સેવા વર્ષ ૨૦૨૫-૨૬**

ગુજરાત પોલીસ ડ્રોન તાલીમ સંસ્થા માટે વિવિધ સંવર્ગની કુલ-૭ જગ્યાઓ ઊભી કરવા બાબત.

ગુજરાત સરકાર

ગૃહ વિભાગ

ઠરાવ ક્રમાંક : HD/MHK/e-file/8/2025/0414/C

સચિવાલય,ગાંધીનગર

તારીખ :

**વંચાણે લીધા :-**

(૧) પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રીનો તારીખ ૦૬/૦૧/૨૦૨૫નો પત્ર ક્રમાંક: ઈ/૧૫૩૬/ નવી સેવા ૨૦૨૫-૨૬/૪૮/૨૦૨૫

(૨) વિભાગના વર્ષ ૨૦૨૫-૨૬ના અંદાજપત્ર પ્રકાશન નંબર : ૧૨ પાના નંબર-૧૧૯.

**ઠરાવ :-**

પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી દ્વારા ઉપર વંચાણે લીધેલ ક્રમાંક (૧) સામે તારીખ ૦૬/૦૧/૨૦૨૫ના પત્રથી ગુજરાત પોલીસ ડ્રોન તાલીમ સંસ્થા માટે નીચેના કોષ્ટકમાં દર્શાવેલ વિવિધ સંવર્ગની કુલ ૭ નવી જગ્યાઓ ઉભી કરવા માટે કુલ રૂપિયા ૩૮.૦૦ લાખની નવી બાબતની જોગવાઇનો વિભાગના વર્ષ ૨૦૨૫ - ૨૬ના અંદાજપત્રમાં જોગવાઇ કરવા દરખાસ્ત કરેલ. જે સંદર્ભે વંચાણે લીધા ક્રમાંક (૨) સામે દર્શાવ્યા મુજબની જોગવાઇ વિભાગના અંદાજપત્રમાં કરવામાં આવેલ છે. જે નવી બાબતની કરેલ જોગવાઇનો ખર્ચ કરવાની મંજુરી આપવાની બાબત વિભાગની વિચારણા હેઠળ હતી.

ઉક્ત વિગતોએ પુખ્ત વિચારણાના અંતે, વિભાગના વર્ષ ૨૦૨૫ - ૨૬ ના અંદાજપત્રમાં ગુજરાત પોલીસ ડ્રોન તાલીમ સંસ્થા માટે નીચેના કોષ્ટકમાં દર્શાવેલ વિવિધ સંવર્ગની કુલ - ૭ નવી જગ્યાઓ માટે કુલ રૂપિયા ૩૮.૦૦ લાખની (અંકે રૂપિયા આડત્રીસ લાખ પૂરા) કરેલ નવી બાબતની જોગવાઇનો ખર્ચ કરવાની નીચેની શરતોને આધિન આથી વહીવટી મંજૂરી આપવાનું ઠરાવવામાં આવે છે.

| અ.નં. | હોદો | જગ્યાઓની સંખ્યા | નવા મુજબ પગાર ધોરણ | ૧૦ વર્ષીય ભરતી કેલેન્ડરમાં સમાવિષ્ટ છે? |
|---|---|---|---|---|
| ૧ | નાયબ પોલીસ અધિક્ષક (વાયરલેસ) | ૦૧ | ૫૩૧૦૦-૧૬૭૮૦૦ | ના |
| ૨ | પોલીસ ઈન્સ્પેક્ટર (વાયરલેસ) | ૦૧ | ૪૪૯૦૦-૧૪૨૪૦૦ | ના |
| ૩ | પોલીસ સબ ઈન્સ્પેક્ટર (વાયરલેસ) | ૦૪ | ૩૯૯૦૦૦-૧૨૬૬૦૦ | ના |
| ૪ | હથિયારી પોલીસ સબ ઈન્સ્પેક્ટર | ૦૧ | ૩૯૯૦૦૦-૧૨૬૬૦૦ | હા |
| | કુલ | ૦૭ | | |

**શરતો :-**

૧.આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

૨.પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

૩.આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/ પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

૪.આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

૫.આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

૬.યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૭.વર્ગ-૧ અને વર્ગ-૨ની જગ્યાઓ ભરતી નિયમોની જોગવાઈ અનુસાર ઠરાવેલ રેશીયો મુજબ ભરવાની કાર્યવાહી કરવાની રહેશે.

૮.સીધી ભરતીથી નિમણૂક પામનાર ઉમેદવારને નિયમિત નિમણૂક મળ્યા બાદ નાણાં વિભાગના તા.૧૮/૦૩/૨૦૦૫ના ઠરાવ ક્રમાંકઃનપન/૨૦૦૩/ જીઓઆઈ/૧૦(પા.ફા.) ની જોગવાઈ પ્રમાણે રાજય સરકાર દ્વારા તા.૦૧/૦૪/૨૦૦૫ થી દાખલ કરવામાં આવેલ નવી વર્ધીત પેન્શન યોજના હેઠળ આવરી લેવાના રહેશે.

૯.વર્ગ-૩ની જગ્યાઓ ભરતી નિયમોની જોગવાઈ મુજબ જો બઢતીના ફાળે આવતી હોય તો તે પ્રમાણે અને જો સીધી ભરતીના ફાળે આવતી હોય તો નાણાં વિભાગના તા.૧૬/૦૨/૨૦૦૬ થી અમલી બનેલ ફીક્સ પગારની નીતિ અને નાણા વિભાગના તા.૨૮/૦૩/૨૦૧૬ ના ઠરાવથી નિયત થયેલ બોલીઓ અને શરતો અનુસાર અને તેમાં વખતોવખત થયેલ સુધારાઓની જોગવાઈઓ પ્રમાણે ભરવાની રહેશે.

૧૦.જે તે જગ્યાઓના પગાર-ધોરણો R.O.P.-૨૦૧૬ પ્રમાણે છે કે કેમ તે ખાતરી કરી લેવાની જવાબદારી ખાતાના વડાની રહેશે.

૧૧.આ જગ્યાઓ ઉપરની ભરતી સરકારશ્રીના જે તે જગ્યાના પ્રવર્તમાન ભરતી નિયમો અને નિયત ભરતી પધ્ધતિને અનુસરીને કરવાની રહેશે.

૧૨.સીધી ભરતીના ફાળાની જગ્યાઓ વહીવટી મંજુરી મળ્યેથી છ માસમાં સીધી ભરતીથી ભરવા અંગે સામાન્ય વહીવટ વિભાગ/નાણા વિભાગ મારફત સ્થાયી સમિતિની મંજુરી મેળવી ભરતી પ્રક્રિયા હાથ ધરવાની રહેશે.

૧૩.આ જગ્યાઓ ભરતી વખતે અનામતનું ધોરણ નિયમોનુસાર જળવાય તે જોવાનું રહેશે. આ જગ્યાઓ ભરતી વખતે બેકલોગની જગ્યાઓ હોય તો તેને અગ્રીમતા આપવાની રહેશે.

૧૪.આ જગ્યાઓ પર નિમણૂંક પારદર્શક પસંદગી પ્રક્રિયા હાથ ધરીને કરવાની રહેશે.

૧૫.કમ્પ્યુટરની જાણકારી માટે પ્રવર્તમાન ભરતી નિયમોનુસાર ઉમેદવાર નિયત થયેલ કમ્પ્યુટર કૌશલ્યની પરીક્ષા પાસ કરેલ/લાયકાત ધરાવતા હોવા જોઈએ.

૧૬.રાજ્ય સરકાર દ્વારા વખતોવખત નિયત કરવામાં આવેલ ભાષાકીય-ખાતાકીય પરીક્ષાઓ નિયત તકમાં પાસ કરવાની રહેશે.

૧૭.રાજય સરકાર દ્વારા વખતોવખત નિયત કાર્યભારણનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

૧૮.આ નવી મંજૂર કરેલ જગ્યાઓ જે-તે નાણાકીય વર્ષના અંત સુધી ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવે છે. ત્યારબાદ જગ્યાઓ વખતો વખત ચાલુ રાખવાની થાય તો સંબંધિત ખાતાના વડાએ જગ્યાઓ લંબાવવાની દરખાસ્ત મુદ્દત પૂરી થતા પહેલાંના એક માસ અગાઉ વિભાગને રજૂ કરી, આવી જગ્યાઓ વધુ સમય ચાલુ રાખવા નાણાકીય સલાહકારશ્રીની મંજૂરી મેળવી લેવાની રહેશે.

૧૯.સીધી ભરતી/બઢતીના ફાળાની નવી ઊભી થયેલ જગ્યાઓની સેવાઓ કરાર આધારિત/આઉટસોર્સથી લેવાની જરૂરિયાતના સંજોગોમાં અચૂક નાણા વિભાગની પૂર્વ મંજુરી મેળવી લેવાની રહેશે.

૨૦.જે શરતોએ મંજૂરી આપવામાં આવેલ હોય તેમાં કોઈપણ સંજોગોમાં નાણા વિભાગની પૂર્વ મંજૂરી વિના ફેરફાર કરી શકાશે નહી.

૨૧.સદર વહીવટી મંજુરી અન્વયે સતત બે વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજુરી આપોઆપ રદ ગણાશે.

૨૨.સદર બાબતનો ખર્ચ તારીખ ૦૧/૦૪/૨૦૨૫ પછી કરવાનો રહેશે.

આ અંગેનો ખર્ચ FORM-Cમાં દર્શાવ્ય મુજબ "માંગણી નંબર-૪૩- મુખ્ય સદર : ૨૦૫૫:પોલીસ, પેટા મુખ્ય સદર : ૦૦ ગૌણ સદર : ૦૦૩ – શિક્ષણ અને તાલીમ પેટા સદર : ૦૧- MEP-૧૩ પોલીસ તાલીમ શાળાઓ, હેઠળ ઉધારવાનો રહેશે.

આ હુકમો વિભાગની સરખા ક્રમાંકની ઇ-સરકારની ફાઇલ ઉપર અધિક મુખ્ય સચિવશ્રી(ગૃહ વિભાગ)ની તારીખ ૨૬/૦૩/૨૦૨૫ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

રોનક મોદી

ઉપ સચિવ

ગૃહ વિભાગ

પ્રતિ,

- અગ્ર સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી(ક, ગ), સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી(ખર્ચ), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- અધિક પોલીસ મહાનિદેશક (ઈન્ટે), ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- પોલીસ મહાનિરીક્ષકશ્રી(વહીવટ), ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- ઉપ સચિવશ્રી (ક.ગ), ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજ્ય, રાજકોટ/અમદાવાદ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ.
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ.
- નાણાં સલાહકારશ્રી(ગૃહ), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.


Open the document in Adobe Acrobat DC to verify the E-sign

- સેક્શન અધિકારીશ્રી, ઝ-૧ શાખા, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, બજેટ શાખા/બ શાખા, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- શાખા સીલેક્ટ ફાઈલ.
- નાયબ સેક્શન અધિકારી

Signature Not Verified
Signed by:Rohak Modi
Under Secretary
Date:2025.03.29
20:52:10 +5:30


Open the document in Adobe Acrobat DC to verify the E-sign